# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- **રાજ્ય સરકારે HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કર્યા**
- **કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યમાં વધી રહેલા ચાંદીપુરા વાઈરસના કેસોની સમીક્ષા કરી. - હાલ રાજ્યમાં ચાંદીપુરાના 71 કેસ સક્રિય**
- **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદરમાં વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું**
- **દેવભૂમિદ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડ, દમણ, અને દાદરાનગર હવેલીમાં આજે ભારે વરસાદની આગાહી**
- **નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની મુખ્ય પરીક્ષા આગામી 28થી 31 ઑગસ્ટ દરમિયાન યોજાશે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# HTAT NIYAM

રાજ્ય સરકારે હેડ ટીચર એપ્ટિટ્યૂડ ટેસ્ટ – એટલે કે, HTAT મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો જાહેર કર્યા છે. આ નિયમો મુજબ, બાલવાટિકાથી ધોરણ 5માં 150 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક, જ્યારે ધોરણ 6થી 8માં 100 કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યારે એક મુખ્ય શિક્ષક મળવાપાત્ર થશે.

જિલ્લા આંતરિક બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલની શાળઆમાં ઓછામાં ઓછી ત્રણ વર્ષની નોકરી પૂર્ણ થયેલ હોવી જોઈશે. જ્યારે જિલ્લા ફેર બદલીની માગણી હોય ત્યારે મુખ્ય શિક્ષકની હાલના જિલ્લામાં ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયેલી હોવી જોઈશે.

દર વર્ષે શિક્ષકોની સાથે મુખ્ય શિક્ષકોનું મહેકમ શિક્ષણ વિભાગ નક્કી કરશે. જેતે શાળામાં મહેકમ જળવાતું ન હોય તેમને પ્રથમ પગાર કેન્દ્રની મંજૂરી મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર તે પછી તાલુકાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યાઓ પર અને ત્યારબાદ જિલ્લાની મંજૂર મહેકમવાળી શાળાઓમાં ખાલી જગ્યા પર સમાવવામાં આવશે.

આ ઉપરાતં બઢતી કે સીધી ભરતીથી નિમણૂક પામેલા કોઈ પણ મુખ્ય શિક્ષકની સામે અરસપરસ બદલી કરી શકાશે. તેમ જ આંતરિક કે જિલ્લા ફેર અરસપરસ બદલીમાં મુખ્ય શિક્ષકની મહત્તમ ઉંમર ક્રમશઃ 56 વર્ષ અને 55 વર્ષથી વધુ ન હોવી જોઈએ.

---

-રીપીટ

# HEALTH MINISTRY CHANDIPURA SAMIKSHA

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના DGHS અને NCDCના ડિરેક્ટર પ્રોફેસર ડૉ. અતુલ ગોયલે એઈમ્સ, કલાવતી સરન ચિલ્ડ્રન્સ હૉસ્પિટલ અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યૂરોસાયન્સિઝના નિષ્ણાતો સાથે બેઠક યોજી હતી. બેઠકમાં કેન્દ્રીય અને રાજ્ય સર્વેલન્સ એકમોના અધિકારીઓએ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં નોંધાયેલા ચાંદીપુરા વાઈરસ અને એક્યૂટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ એટલે કે, AES કેસની સમીક્ષા કરી હતી.

ચાંદીપુરા વાઈરસ અને AESના કેસની સ્થિતિની ચર્ચા અને સમીક્ષા બાદ નિષ્ણાતોએ ગુજરાતમાં નોંધાયેલા AES કેસના વ્યાપક રોગચાળા, પર્યાવરણીય અને એન્ટોમોલૉજિકલ અભ્યાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ તપાસમાં ગુજરાતને મદદ કરવા NCDC, ICMR અને DAHDની બહુવિધ શિસ્ત કેન્દ્રીય ટુકડીને તહેનાત કરવામાં આવી રહી છે.

જૂન મહિનાની શરૂઆતથી ગુજરાતમાં 15 વર્ષથી ઓછી વયના બાળકોમાં AESના કેસ નોંધાયા છે. 20 જુલાઈ સુધીમાં  કુલ 78 AES કેસ નોંધાયાછે, જેમાં રાજ્યના 21 જિલ્લાઓ,  નિગમોના 75, રાજસ્થાનના 2 અને મધ્યપ્રદેશના એક છે. આ પૈકી 28 દર્દીના મોત નીપજ્યા છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વાઈરોલૉજી પુણેમાં પરીક્ષણ કરાયેલા 76 નમૂનામાંથી 9ને કેસ ચાંદીપુરા વાઈરસ પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ છે.

---

-**(APARNA MADAM – PIB – PRAVESH.)**

-(NAVIN)

# MAHISAGAR CHANDIPURA VIRUS

મહીસાગર જિલ્લામાં શંકાસ્પદ ચાંદીપુરાના અત્યાર સુધીમાં 2 શંકાસ્પદ કેસ મળ્યા છે. જ્યારે એક બાળકનું મોત નીપજ્યું છે. હાલમાં 6 તાલુકામાં જિલ્લા આરોગ્ય વિભાગની 227 ટુકડી કામ કરી રહી છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી સી. આર. પટેલે આ મુજબ જણાવ્યું.

(બાઈટ - આરોગ્ય અધિકારી સી. આર. પટેલ)

---

-(PTC - MAHISAGAR - PRAVESH)
-(NAVIN)

# State Chandipura virus

રાજ્યમાં હાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરલ એન્કેફેલાઈટીસના કુલ 71 કેસ છે. ત્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ અને કમિશનરે ગઈકાલે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારીઓ, તબીબી અધિક્ષકો, પીડિયાટ્રિક્સ વિભાગના વડા વગેરે સાથે ગઈકાલે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો. દરમિયાન ચાંદીપુરા વાઈરલ એન્કેફેલાઈટીસના શંકાસ્પદ, પોઝિટિવ કેસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગે જણાવ્યા મુજબ, રાજ્યમાં અત્યારે શંકાસ્પદ ચાંદીપુરા વાઈરલ એન્કેફેલાઈટીસના કુલ 71 કેસ છે. આ પૈકી સૌથી વધુ 11 કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. તમામ કેસ પૈકી સાબરકાંઠા, ગાંધીનગર, પંચમહાલ, મોરબી અને વડોદરા જિલ્લામાંથી એક—એક, જ્યારે અરવલ્લી અને મહેસાણામાં બે-બે એમ મળી ચાંદીપુરાના નવ કેસ પોઝિટિવ જણાયા છે. જ્યારે શંકાસ્પદ ચાંદીપુરાના કારણે રાજ્યના 27 દર્દીના મોત નીપજ્યા છે.

રાજ્યમાં હાલમાં ચાંદીપુરા વાઈરલ એન્કેફેલાઈટીસના 41 દર્દી સારવાર હેઠળ છે. જ્યારે ત્રણ દર્દીને રજા આપવામાં આવી છે. આરોગ્યની ટુકડીએ અત્યાર સુધીમાં 17 હજાર 248 ઘરમાં 1 લાખ 21 હજાર 826 લોકોના દેખરેખની કામગીરી પૂર્ણ કરી છે.

---

-(માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# MANSUKH MANDAVIYA PORBANDAR VISIT

કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદર પંથકમાં અતિભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ગત ગુરૂવારે સવારે શરૂ થયેલા વરસાદના કારણે શુક્રવારની સાંજ સુધીમાં 25 ઈંચથી વધુ વરસાદ થતાં પરિસ્થિતિ ગંભીર બની હતી. જિલ્લાની મુલાકાત દરમિયાન શ્રી માંડવિયાએ વહીવટી તંત્ર સાથે વરસાદની સ્થિતિ અંગે એક બેઠક પણ યોજી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ બેઠકમાં પરિસ્થિતિને થાળે પાડવા માટે શ્રી માંડવિયાએ અધિકારીઓને સૂચનો કર્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ શ્રી માંડવિયાએ જે વિસ્તારમાં પરિસ્થિતિ વિકટ બની હતી તેવા પોરબંદરના રાજીવનગર, બોખીરા, તુંમડા વિસ્તારની મુલાકાત લઈ સ્થળ પર તમામ અધિકારીઓને પરિસ્થિતિને સામાન્ય બનાવવા જરૂરી સૂચન કર્યા હતા.

-------------------------------------------------------------------

- PTC-PORBANDAR-MAHESH LUKKA, PRAVESH, SONAL

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આજે દેવભૂમિદ્વારકા, પોરબંદર, નવસારી, વલસાડ, દમણ, અને દાદરાનગર હવેલી ખાતે, આવતીકાલે અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, ડાંગ, વલસાડ, અને દાદરાનગર હવેલી, 23મીએ દીવ, દમણ, તેમજ દાદરાનગર હવેલી, અને 24મી એ બનાસકાંઠા, સાબરકાંઠા, અમરેલી, ભાવનગર સહિતના જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં વરસાદથી સર્જાતી પરિસ્થિતિને પહોંચી વળવા નર્મદા, કચ્છ, વલસાડ, દેવભૂમિદ્વારકા, જુનાગઢ, ભાવનગર, અમરેલી, સુરત અને ગીરસોમનાથ એમ 10 જિલ્લામાં રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ - NDRFની 10 ટુકડી તહેનાત કરવામાં આવી છે.

ગાંધીનગર સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાતના આઠ વાગ્યા દરમિયાન કુલ 93 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. આમાં સૌથી વધુ પોણા સાત ઈંચ વરસાદ દેવભૂમિદ્વારકાના દ્વારકા તાલુકામાં વરસ્યો હતો.

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 37.42 ટકા વરસાદ આવ્યો છે. આમાંથી સૌથી વધુ 54.58 ટકા સૌરાષ્ટ્રમાં નોંધાયો છે.

છેલ્લા 24 કલાકમાં રાજકોટ જિલ્લાના 7 જળાશયમાં નવા નીરની નોંધપાત્ર આવક થઈ છે. ફોફળ ડેમ 100 ટકા અને મોજ ડેમ 84.11 ટકા ભરાયો હોવાનું રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયું છે.

અમદાવાદ શહેરમાં પણ વહેલી સવારે અનેક વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો.

---

-(SOURCE – PTC – GANDHINAGAR – PRAVESH.) -(NAVIN)

# MEDHAVINI JANI SHRADDHANJALI

આકાશવાણીના સુવર્ણકાળમાં ઉદ્ઘોષક તરીકે ફરજ બજાવનારાં મેધાવિનીબેન જાનીનું શનિવારે નિધન થયું છે. મૂળ અંગ્રેજીનાં અધ્યાપક તરીકેની સેવા મૂકી તેઓ આકાશવાણી અમદાવાદ કેન્દ્ર સાથે જોડાયાં હતાં અને વર્ષ 2010માં ફરજ નિવૃત્ત થયાં હતાં. તેમના ચાહકશ્રોતાઓ તેમને મળવા માટે પણ આવતા હતા. આકાશવાણી પરિવાર મેધાવિનીબેન જાનીને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

---------------------------------------------------------------------

-**(DD NEWS GUJARATI – PRAVESH)**

-(NAVIN)

# GPSC DATE

ગુજરાત જાહેર સેવા આયોગ – GPSCએ અખબારી યાદીમાં જણાવ્યું કે, નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની મુખ્ય પરીક્ષા આગામી 28થી 31 ઑગસ્ટ દરમિયાન યોજાશે.

નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ -3માં મુખ્ય લેખિત પરીક્ષા માટે સફળ થયેલા ઉમેદવારો આગામી 28 ઑગસ્ટે ગુજરાતી ભાષા, 29 ઑગસ્ટે અંગ્રેજી ભાષા, 30 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ એક અને 31 ઑગસ્ટે સામાન્ય અભ્યાસ 2 પ્રશ્નપત્રની લેખિત પરીક્ષા આપી શકશે. આ તમામ પરીક્ષાનો સમયગાળો બપોરે 3થી સાંજે 6 વાગ્યા સુધીનો રહેશે.

---------------------------------------------------------------------

-રીપીટ

# BSF JAWAN DEATH

કચ્છ સરહદે આવેલા દલદલી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન સીમા સુરક્ષાદળના બે જવાનના મોત નીપજ્યા છે. પેટ્રોલિંગ સમયે ડિહાઈડ્રેશનની શક્યતાના પગલે આ બંને જવાનના મોત થયા હોવાના અહેવાલ છે. અતિદુર્ગમ અને અંતરિયાળ એવા આ વિસ્તારમાં BSFની ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી, તે દરમ્યાન 5 જવાનને અસર થઈ હતી.. જેમાંથી એક જવાન અને એક અધિકારીનું મોત થયું છે.. આ સમગ્ર ઘટનાની BSF વધુ તપાસ હાથ ધરશે. હાલમાં બંને જવાનના મૃતદેહ ભુજ સરકારી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે..

-----------------------------------------------------------------------

- PTC- W.KUTCH-HEMANG PATTANI, HARSHALBHAI, SONAL

# CM VAN MAHOTSAV

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આગામી 26 જુલાઈએ દેવભૂમિદ્વારકા જિલ્લાના ગાંધવી ગામમાં રાજ્યકક્ષાના 75મા વન મહોત્સવની ઉજવણી કરાશે. ગામના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા હરસિદ્ધિ માતા મંદિર ખાતે આ ઉજવણીનું આયોજન કરાયું છે. પર્યાવરણના જતનની નેમ સાથે ગુજરાતમાં 'વન મહોત્સવના' આ વર્ષે ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે અને વન-પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરા અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે 23મા સાંસ્કૃતિક વન 'હરસિદ્ધિ વન'નું લોકાર્પણ કરાશે. કોયલા ડુંગરની પાછળ આવેલા આ નવીન 'હરસિદ્ધિ વન' ખાતે વિવિધ પ્રજાતિના અંદાજિત 41 હજાર 619 રોપાઓનું વાવેતર કરાયું છે.

આ સાથે રાજ્યમંત્રી મંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ 33 જિલ્લા કક્ષાએ, આઠ મહાનગરપાલિકાકક્ષાએ, 250 તાલુકાકક્ષાએ તેમ જ 5 હજાર 500 ગ્રામીણકક્ષાએ '75મો વન મહોત્સવ' યોજાશે.

---

-રીપીટ